આત્મહત્યા : આજના સમયનું એક દૂષણ

સમાજમાં આત્મહત્યા કરવાનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. વ્યક્તિઓ નજીવી બાબતે ક્ષુલ્લક કારણોથી આત્મહત્યા કરી લે છે. પોતાનું જીવન ટુંકાવી દેવુ તે હવે જાણે રમત વાત બની ગઈ છે. વ્યક્તિ જ્યારે નિરાશામાં ગરકાવ થઈ જાય છે અને જ્યારે તેને એવું લાગે કે હવે કોઈ જ રસ્તો બાકી નથી ત્યારે તે આત્મહત્યા કરી લે છે. કુટુંબો વિભક્ત પ્રથા અપનાવવા લાગ્યા છે. સોશિયલ મીડિયાનું વળગણ વ્યક્તિનો બધો સમય ચાઉ કરી જાય છે. આવા સમયમાં અમે મનોચિતિત્સક તથા આધ્યાત્મિક ગુરૂને મળીને આત્મહત્યા થવાના કારણો તથા તેને અટકાવવાના ઉપાયો જાણવાનો પ્રયત્ન કર્યો છે.

●●●

"મનુષ્યમાં સહનશીલતા ઓછી થઈ રહી છે. અનેક લોકો બીમારીથી કંટાળી જઈને, એકલતાથી ત્રસ્ત થઈને, નિષ્ફળતા મળવાથી આત્મહત્યા કરી લે છે. પરંતુ જીવનમાં દરેક સમસ્યાનું સમાધાન હોય છે. તેના માટે ધૈર્ય રાખીને સાચી દિશામાં આગળ વધવુ જોઈએ. દરેક વ્યક્તિ પોતાનું પ્રારબ્ધ લઈને આવે છે. આપણા શાસ્ત્રમાં આત્મહત્યા એ પાપ કહેવાય છે અને બીજાની હત્યા એ તેનાથી પણ મોટુ પાપ છે. જીવનમાં બધા દરવાજા ક્યારેય બંધ નથી હોતા, તિરાડમાંથી પણ પ્રકાશનું કિરણ પ્રવેશી શકે છે. રાત્રી પછી દિવસ આવે જ છે. દરેક બાળકને જીવનને વિશાળ દૃષ્ટિથી જોવાનો અભ્યાસ કરાવવો જોઈએ. માતા-પિતાએ બાળકને તણાવમુક્ત રાખવુ જોઈએ. બાળક પર પોતાની અપેક્ષાઓ થોપવી ન જોઈએ, તેમજ નિષ્ફળતાને ઉજવતા શીખવવુ જોઈએ."

- પૂજ્ય ગુરૂમા, આધ્યાત્મિક ગરૂ

●●●

"આજના જમાનામાં વ્યક્તિ રાતોરાત સપના પૂરા કરવા, મહેનત વિના બધુ મેળવી લેવા મથે છે. બીજા વ્યક્તિની દેખાદેખીમાં અપેક્ષાઓનુ ભારણ વધે છે અને જ્યારે વ્યક્તિને પોતાનું ધાર્યુ ન મળે ત્યારે ફ્રસ્ટ્રેશન આવે છે. નિરાશા વ્યક્તિઓને આત્મહત્યા કરવા માટે પ્રેરે છે. જુવાનોમાં અત્યારે આત્મહત્યાનું સૌથી મોટુ કારણ સોશિયલ મીડિયા જોવા મળે છે. સોશિયલ મીડિયાને કારણે વ્યક્તિઓ બધાના સંપર્કમાં આવતા થયા છે. અનેક સંબંધો બનાવતા થયા છે. સંબંધોમાં થોપવામાં આવતી અપેક્ષાઓ જ્યારે પરિપૂર્ણ ન થાય ત્યારે વ્યક્તિ નિરાશ થાય છે. વૃદ્ધાવસ્થામાં બાળકો ધ્યાન ન રાખે, બીમારીમાં સપડાયેલા હોય, દવાનો ખર્ચો પોષાતો ન હોય તથા એકલતા સતાવતી હોય ત્યારે વ્યક્તિ આત્મહત્યા કરવા માટે પ્રેરાતી હોય છે. કોઈપણ વ્યક્તિ જ્યારે આત્મહત્યાનો નિર્ણય કરે છે ત્યારે જો આવેશની એક પળ તે ચૂકી જાય તો તે આત્મહત્યાનો નિર્ણય માંડી વાળે છે. ડિપ્રેશનના દર્દીઓ તથા સામાજિક સમસ્યાનો ભોગ બનેલા વ્યક્તિઓ સૌથી વધુ આત્મહત્યા કરવા માટે પ્રેરાતા હોય છે. આત્મહત્યા કરવા પ્રેરાતા લોકોને અવેરનેશ પ્રોગ્રામ અથવા હેલ્પલાઈન ચોક્કસથી મદદ કરી શકે છે. કોઈપણ વ્યક્તિ આત્મહત્યા કરવાના થોડા દિવસ પહેલા કોઈકને તો જાણ કરતી જ હોય છે. તેથી કોઈ વ્યક્તિ આવી વાત કરે ત્યારે તેને ગંભીરતાથી લેવુ જોઈએ તથા તેને તુરંત ડૉક્ટર પાસે લઈ જવી જોઈએ."

- ડો. રાજેન્દ્ર આનંદ, મનોચિત્સક

●●●

"સહનશીલતાનું પ્રમાણ ઘટી જવુ, એ આત્મહત્યા માટેનું મૂળભૂત કારણ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્યૂસાઈડ રેશિયો ઘણો વધ્યો છે. વ્યક્તિઓ ખૂબ જ ઝડપથી ઉશ્કેરાઈ જાય છે. પોતાની જાત તથા બીજા પ્રત્યે પણ વ્યક્તિઓ જલદીથી આક્રમક બની જતા હોય છે. આત્મહત્યા અને સાથે જ હોમીસાઈડ એટલે બીજી વ્યક્તિની હત્યા કરવી - તેનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ટીનેજર્સ હવે પુખ્ત વ્યક્તિ જેવું વલણ અપનાવતા થઈ ગયા છે. તેથી એક ગેપ ઉભી થઈ છે. કિશોરાવસ્થામાં બીજી વ્યક્તિ પ્રત્યે આકર્ષિત થઈ જવુ અને તેને હાંસિલ ન કરી શકાતા ઊંડી નિરાશામાં ગરકાવ થઈ જતા કિશોરોને મોતને વ્હાલું કરવું એ જ ઉપાય દેખાય છે. લગ્નજીવનમાં એકબીજા પ્રત્યેની શંકા, લગ્નેત્તર સંબંધો તથા વૃદ્ધાવસ્થામાં આર્થિક સંકડામણ, અસલામતીની લાગણી વ્યક્તિઓને આત્મહત્યા કરવા માટે પ્રેરે છે. વ્યક્તિઓ જીવનનું મહત્વ ભુલી ગયા છે. વ્યક્તિઓએ જીવનની ઉણપો સ્વીકારવાની જરૂર હોય છે. મૃત્યુનો હક્ક કોઈને નથી, તકલીફો સાથે જીવવું જ પડે. સમય આવતાં બધુ જ ઠીક થઈ જાય છે. હંમેશા સારા મિત્રો રાખવા જોઈએ, જેમની સાથે દરેક વસ્તુ, દરેક વાત કહી શકાય, મન હળવુ કરી શકાય, વિચારોની આપ-લે કરી શકાય. 'શેરીંગ' - એ આત્મહત્યા અટકાવવાનો સૌથી મોટો ઉપાય છે."

- ડો. ગૌરાંગ થાનકી, મનોચિકિત્સક

એનએસયુઆઈ દ્વારા ડી.ઈ.ઓ. કચેરીને તાળાબંધી

ગાંધીનગર, તા. ૨૯

રાજય સરકાર દ્વારા ફી નિર્ધારણ કરવામાં આવી હોવા છતા ગાંધીનગર શહેર અને જિલ્લામાં આવેલી કેટલીક ખાનગી શાળાઓના સંચાલકો દ્વારા નિયમ કરતા વધુ ફી વસુલવામાં આવે છે. ફી માટે વિદ્યાર્થીઓને ખોટી રીતે હેરાન કરવામાં આવે છે. સરકારના કાયદાનો અમલ થતો નથી તેમ એનએસયુઆઈએ દ્વારા તાજેતરમાં જણાવતા જિલ્લા શિક્ષણાધિકારીએ બે દિવસમાં વધુ ફી વસુલતી શાળાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. પરંતુ ખાનગી શાળાઓ સામે તંત્ર દ્વારા ઢીલી નિતી અપનાવતા આજરોજ એનએસયુઆઈના કાર્યકરોએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ હલ્લાબોલ કરીને તાળાબંધી કરી દીધી હતી.

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી એફઆરસીના કાયદાનો અમલ કરાવવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા છે અને જિલ્લા શિક્ષણનું તંત્ર ખાડે ગયું છે.

ફી નિર્ધારણ મુદ્દે એનએસયુઆઈનું હલ્લાબોલ

વધુ ફી વસુલતી શાળાઓના વિરોધમાં ના છુટકે એનએસયુઆઈએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. ગાંધીનગર શહેર જિલ્લા યુથ કોંગ્રેસ અને વાલીઓ અને વિદ્યાર્થીઓ પાસેથી એનએસયુઆઈ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગરની કેટલીક શાળાના સંચાલકો દ્વારા બેફામ ફી વસુલવામાં આવે છે જેના વિરોધમાં તાજેતરમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ત્યારે ડીઈઓ એ બે દિવસમાં એફઆરસી હેઠળ ફી વસુલતી શાળાની માહિતી આપવાની ખાતરી આપી હતી. પરંતુ એનએસયુઆઈને કોઈ જ માહિતી આપવામાં ન આવતા અને ગાંધીનગરની શાળાઓ દ્વારા બેફામ ફી વસુલીના વિરોધમાં ગાંધીનગર શહેર જિલ્લા એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસના કાર્યકરો આજે મોટીસંખ્યામાં ડીઈઓ કચેરી ખાતે ધસી ગયા હતા અને હલ્લાબોલ કરીને કચેરીને તાળાબંધી કરી દીધી હતી. આ કાર્યક્રમમાં ગાં.શ.જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ ભાવેશ દેસાઈ અને ગુ.પ્ર.એનએસયુઆઈ મહામંત્રી અમિત પારેખ સહિત કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા સલામતીના પાઠ શીખવાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ હાજર રહ્યા હતા.

આરસોડિયામાં કમળાનું કારણ દુષિત પાણી : આર.આર.ટી.

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના આરસોડિયામાં કમળાના રોગનું મૂળ દૂષિત પાણી હોવાનું સ્પષ્ટ તારણ રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા આપવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગામમાં ત્રણ પાણીની પાઈપલાઈનો બદલવાનો પણ પંચાયત દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. આ પાઈપલાઈનો જુની પુરાણી થઈ હોવાથી તે બદલવી જરૂરી હોવાથી આ અંગેની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે.

દરમ્યાન આજે આરસોડિયામાં નવો એક પણ કેસ મળી આવેલ નથી જેને પગલે આરોગ્યતંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે તંત્ર દ્વારા આ ગામમાં મોનીટરીંગ અને સર્વેલન્સની કામગીરી ચાલુ રહેશે.

આજે પણ જિલ્લા આરોગ્યતંત્રના અધિકારીઓની ટીમે આરસોડિયાની મુલાકાત લીધી હતી.

જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વિસ્તરે નહિ તે માટે ક્લોરીનેશન નિયમિત થાય તે જોવા આરોગ્યતંત્રએ પંચાયતોને જરૂરી સૂચનાઓ પણ પાઠવી દીધી હોવાનું જાણવા મળેલ છે.

મુસ્લિમ વેલ્ફેર એસોસીએશન દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનાશે

ગાંધીનગર, તા. ૨૯

મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસીએશન દ્વારા માર્ચ-૨૦૧૮માં લેવાયેલી ધો. ૧૦ અને ૧૨ તથા સ્નાતક-અનુસ્તાનતક કક્ષાએ સારા માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકામાં વસવાટ કરતા તેમજ ધો. ૧૦માં ૭૫ ટકા માર્કસ મેળવનાર અને ધો. ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ૬૦ ટકા તથા સામાન્ય પ્રવાહમાં ૬૫ ટકા માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓને મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર એસોસીએશન દ્વારા સન્માનાશે. આ ઉપરાંત ઉચ્ચ અભ્યાસક્રમમાં તમામ ફેકલ્ટીના સ્નાતક-અનુસ્નાતક કક્ષામાં સફળ થયેલા મુસ્લિમ વિદ્યાર્થીઓનું સન્માન 'મેવા' દ્વારા કરવામાં આવશે. એસોસીએશનના જનરલ સેક્રેટરી રફીક આઈ. મનસુરી દ્વારા જણાવાયુ છે કે, વિદ્યાર્થીઓએ સ્વયં પ્રમાણિત કરેલી માર્કશીટ જનરલ સેક્રેટરીના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૬૦/૧, સેક્ટર-૭-બી ખાતે ૩૧મી જુલાઈને મગંળવાર સુધીમાં પહોંચાડવી.

આવતીકાલે ગાંધીનગર જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળની કારોબારી મળશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા પેન્શનર મંડળની કારોબારી સભા તા. ૧લી જુલાઈના રોજ સવાર સાડા નવ વાગે ગાંધીનગરના સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨માં મળશે. જે કે.બી. વ્યાસના પ્રમુખપદે યોજાશે. જેમાં ગાંધીનગર-માણસા-કલોલ-દહેગામના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. જેમાં જનરલ અધિવેશનનું સ્થળ, સમય, તારીખ નક્કી કરવી તેમજ તાલુકાના પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે તેમ મંત્રી ચેલાભાઈ પટેલે જણાવેલ છે.

ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત મેયરશ્રીના અધ્યક્ષ સ્થાને કમિશનરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓના વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં આગામી તા. ૧૬-૭-૨૦૧૮થી ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૯ માસથી ૧૫ વર્ષના તમામ બાળકોને ઓરી અન રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવશે. આ અંતર્ગત કરવામાં આવેલ માઈક્રોપ્લાનીંગ, આઈ.ઈ.સી. પ્રવૃત્તિ તેમજ લોજીસ્ટીક બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી તેમજ આ અંગે સહકાર આપવા વિનંતી કરવામાં આવી હતી. મેયરશ્રી તેમજ તમામ પદાધિકારીશ્રીઓ દ્વારા સંપૂર્ણ સહકાર આપવા માટે બાંહેધરી આપવામાં આવી હતી.

સે-૨૭ માં ગટરનુ દુષિત પાણી બેક મારતા સ્થાનિકોને ગુંગળામણ રોગચાળાની દહેશત

ગાંધીનગર તા ૨૯

સે-૨૭ માં છેલ્લા ઘણાં સમયથી ગટરની મુખ્યલાઇનમાંથી દુષિત પાણીનો નિકાલ ન થતા દુર્ગંધયુક્ત પાણી બેક મારતુ હોવાના લીધે સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહયા છે. જયારે વરસાદી દિવસોમાં ગટરના દુષિત પાણીના લીધે ગમે ત્યારે રોગચાળો પ્રવર્તે તેવી દહેશત છે. ત્યારે આ મામલે સ્થાનિક રહીશોએ આજે પાટનગર યોજના ભવનના અધિકારી સમક્ષ આ સમસ્યાના નિકાલ માટે આક્રોશપુર્ણ રજુઆત કરી હતી.

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા દિન પ્રતિદિન વકરી રહી છે. સેકટરોમાં અનેક ઠેકાણે ગટરોના દુષિત પાણી ઉભરાતા દુર્ગંધયુકત માહોલ વચ્ચે ગંદકી ખદબદતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામે છે. સ્માર્ટ સીટી ની વાતો વચ્ચે નગરજનોએ માળખાગત સુવિધાના મામલે જ ભારે દુવિધાઆ અનુભવવી પડે છે. દાયકાઓ જુની ગટર લાઇન અપગ્રેડ કરવા માટે પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ મેન પાવર અને મશીનરીના અભાવે ગટરલાઇનમાં પણ જાણે થીગડા મારી કામ ચલાવાતુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ગત ચોમાસા દરમિયાન શહેરમાં મેઇનહોલમાં ભંગાણ થવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા હતા. જયારે હજુ પણ સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની સમસ્યા સ્થાનિકો માટે શિરદર્દ સમાન છે. ત્યારે તંત્ર પણ આ મામલે લાચારી અનુભવી હોય તેમ કાયમી નિરાકરણ આવે તેવા યોગ્ય પગલા લેવાતા નથી. સે-૨૭ માં પણ ગટરો ઉભરાતી હોવાના લીધે સ્થાનિકો પરેશાન છે. સેકટરમાં ગટરની મેઇન લાઇનમાં દુષિત પાણીનો નિકાલ થવાના બદલે પાણી સ્થાનિકોના ઘરોમાં બેક મારતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ મામલે આજે સેકટરના સ્થાનિક રહીશોએ પાટનગરયોજના વિભાગના અધિકારીઓ સમક્ષ રજુઆત કરી આક્રોશ રજુકર્યો હતો. સેકટરવાસીઓએ પાટનગર યોજના ભવનમાં હોબાળો મચાવી સેકટરમાં ઉદભવેલી ગટરલાઇનની સમસ્યાનો ત્વરિત નિકાલ લાવવા માટે પણ રજુઆત કરી હતી. સ્થાનિકોના જણાંવ્યા મુજબ આ મામલે અગાઉ સે-૨૪ ની ડ્રેનેજ ઇન્ક્વાયરીમાં રજુઆત કરી તેઓ થાકી ગયા છે. પરંતુ આ સમસ્યાને નિવારવા માટે લાઇનનુ કામ હાથ ધરાય તે અનિવાર્ય હોવાનો ઉત્તર પણ અપાય છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓની સમસ્યાને ડામવા માટે ત્વરિત કામ હાથ નહીં ધરાય તો આગામી વરસાદી દિવસોમાં રોગચાળો ફેલાય તે જવાબદારી તંત્રની રહેશે તેમ પણ સ્થાનિકોએ જણાંવ્યુ છે.

એગ્રો સર્વિસ પ્રોવાઈડર યોજના અંગે ડ્રો યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય પુરૂષ્કૃત એગ્રો સર્વિસ પ્રોવાઈડર યોજના ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. આ યોજનાનો મુખ્ય હેતુ નાના સીમાંત અને નબળા વર્ગના ખેડૂતો કે જેઓ ટ્રેક્ટર અને ટ્રેક્ટરથી ચાલતા સાધનો વસાવી શકતા નથી. તેવા ખેડૂતોને તેમના ખેતી કાર્યો કરવા માટેના સાધનો સસ્તા દરે મળી રહે તે હેતુ સાથે પાક પદ્ધતિ આધારીત જરૂર પડતા ટ્રેક્ટર પર ૫૦ ટકા અને ટ્રેક્ટર વડે સંચાલીત સાધનોમાં પાંચ વર્ષે ૭૫ ટકા સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે ૨૦૧૮-૧૯ માટે આ યોજનાનો લાભ લેવા માટે કુલ ૩૨ અરજીઓ મળેલ છે. જે અરજીઓને પુર્વ મંજુર કરવા માટે તેમજ પ્રવર્તતા યાદી તૈયાર કરવા માટે રાજ્ય સરકાર તેમજ જિલ્લા પંચાયત ગાંધીનગરના પારદર્શક વહીવટના મુખ્ય ઉદ્દેશને ધ્યાને લઈને જિલ્લાના પદાધિકારીઓ, કારોબારી સમિતિના અધ્યક્ષ, અન્ય સમિતિના સભ્યો, વિરોધ પક્ષના નેતા, જિલ્લા પંચાયતના સદસ્યો તથા અરજદાર તમામ ખેડૂતોને તા. ૨૮-૩-૧૮ના રોજ સરદાર હોલ જિલ્લા પંચાયત ગાંધીનગર સભાખંડ ખાતે બપોરે ૧૫.૩૦ કલાકે આમંત્રીત કરી તમામની હાજરીમાં ડ્રો કરવામાં આવેલ અને અરજદારની પ્રવર્તતા યાદી તૈયાર કરવામાં આવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ